ગાંધીનગર સમાચાર

**મેલેરિયાની સારવાર માટે બે વર્ષનું બાળક સિવિલમાં દાખલ**



હરિયાળું ગાંધીનગર - આજથી ૫૧ વર્ષ પહેલા મુકાયેલી એક ઈંટે મહાનગરનું સ્વરૂપ ધારણ કર્યું છે... પ્રકૃતિના વૈભવ વચ્ચે વિકસતું ગાંધીનગર સ્માર્ટ સિટી બનવાના મનોરથ સેવે છે... સાંસ્કૃતિક અને પ્રાકૃતિક સંગમ સ્થળ સમુ ગાંધીનગર વિદ્યાધામ બની રહ્યું છે... શિક્ષણ, સાહિત્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રવૃત્ત ગાંધીનગર રાજ્યનું સાંસ્કૃતિક પાટનગર બનવા પ્રતિબદ્ધ બની રહ્યું છે... એવા હરિયાળા ગાંધીનગરના ૫૨માં જન્મદિને સલામ ગાંધીનગર....

# આજે ગાંધીનગરનો જન્મદિવસ ઉજવાશે

**નગરના વિકાસની પ્રથમ ઇંટ મુકાઇ હતી તેવા ગેસ્ટ હાઉસની તકિતનુ પુજન કરી મહાનુભાવો જન્મદિવસની શુભેચ્છા પાઠવશે : શહેર વસાહત મહામંડળ દ્વારા નગરના સ્થાપના દિનની પરંપરાગત ઉજવણી કરાશે**

ગાંધીનગર તા ૧

ગાંધીનગરના ૫૨માં જન્મદિવસની આજે ઉજવણી કરવામાં આવશે.જી ઈ બી ખાતે કેક કાપીને શહેરને જન્મદિવસની શુભેચ્છા પાઠવી મહાનુભાવો દ્વારા શહેરની પ્રથમઈંટ મુકવામાં આવી હતી તેવા જી ઈ બી ગેસ્ટ હાઉસના બિલ્ડીંગમાં તક્તિનુ પુજન કરશે. ત્યારબાદ સવારે ૧૦ ૩ કલાકે સે-૨૩ સ્થિત કડી કેમ્પસથી નગરને પ્રદુષણ મુક્ત અને વ્યસનમુકિતના મેસેજ સાથે જનજાગૃતિ રેલી યોજાશે. પાંચ દાયકાના લાંબા સમયકાળ બાદ પણ નગરમાં વર્ષો જુની સમસ્યા હજુ પણ વણઉકેલી રહી છે. નગરમાં દબાણ,ગંદકી અને રખડતા ઢોર સહીતની સમસ્યા જટીલ બની છે. નગરના ટાઉન પ્લાનીંગમાં ફેરફાર થતા નતનવી સમસ્યાઓ પણ વધી છે.

ગાંધીનગર શહેર અસ્તિત્વમાં આવ્યા તે વાતને ૫૧ વર્ષનો સમય વીતી ગયા બાદ વિકાસના અનેકવિધ આયામો વચ્ચે હાઈટેક બનતા શહેરમાં જુની સમસ્યાઓ હજુ પણ યથાવત છે. એકબાજુ શહેરને સ્માર્ટ સીટી બનાવાની સોહામણી વાતો થાય છે. ત્યારે નગરમાં નજર નાંખો ત્યાં સમસ્યાઓનો ઢગ ખડકાયેલો જોવા મળે છે. નગરના અસ્તિત્વકાળથી ઉદભવેલા પ્રશ્નોનુ નિરાકરણ દાયકાઓના અંતે પણ આવ્યુ નથી. નવા બિલ્ડીંગો તેમજ પાર્ક સાથે અનેક વિધ વિકાસકામો નગરની આગવી ઓળખ બન્યા છે. પરંતુ નગરના જનજીવનમાં આમઆદમીને ડગલે




ને પગલે સ્પર્શતી સમસ્યાઓનો કોઈ ઉકેલ આવ્યો નથી. નગરમાં એકબાજુ સરકારી શાળાઓ બંધ થતી જાય છે. ત્યારે વધતી વિદ્યાર્થીઓની સંખ્યા વચ્ચે હોસ્ટેલની સુવિધા પણ પર્યાપ્ત નથી. વાહનોની સંખ્યા વધતી જાય છે. ત્યારે નગરમાં વાહન પાર્કીંગની સમસ્યા વકરી છે. પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો જોવા મળી રહયો છે. ગ્રીન સીટીમાં વિકાસના અનેકવિધ કામોના લીધે હરિયાળીનુ પણ નિકંદન વળી ગયુ છે. નગરના માર્ગો પર રખડતા ઢોરનો અડીંગો જોવા મળે છે. પાંચ દાયકાના અંતે પણ ઢોર ડબ્બાની વ્યવસ્થા થઈ શકી નથી. નગરના જનજીવનને સ્પર્શતા અનેક વિધ પ્રશ્ના વચ્ચે સેકટરવાસીઓએ રોજબરોજ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. ત્યારે નગરજનોને આ

● અનુસંધાન પાન-૭ પર

# “આવો શહેરને હરિયાળુ બનાવીએ” અભિયાનનો પ્રારંભ

## રાયસણની બીએપીએસ સ્કૂલમાં ૩૦૦ વૃક્ષોનું વાવેતર : નિવૃત્તિ સમારંભમાં પણ વૃક્ષારોપણનો રિવાજ શરૂ થયો

ગાંધીનગર, તા. ૧

વૃક્ષારોપણ દ્વારા ગાંધીનગરને ફરી એકવાર વિશ્વના હરિયાળા પાટનગરોની યાદીમાં મોખરે સ્થાન અપાવવા નગરજનો કટિબદ્ધ બન્યા છે. પર્યાવરણની જાળવણી સાથે પ્રદૂષણ, ઋતુચક્રમાં ફેરફાર, વૈશ્વિક ઉષ્ણતામાનમાં વધારો, કુદરતી આપત્તિઓ જેવી સમસ્યાઓથી બચવા વધુને વધુ વૃક્ષો વાવવા સિવાય બીજો કોઈ આરો નથી. આ ઉમદા હેતુ અંતર્ગત ગાંધીનગર સમાચાર દ્વારા “આવો શહેરને હરિયાળુ બનાવીએ” અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાન અંતર્ગત સમગ્ર ઓગષ્ટ માસ દરમિયાન શહેરમાં હાથ ધરાયેલ વૃક્ષારોપણની પ્રવૃત્તિને વિશેષ સ્થાન આપવામાં આવશે.

**● આર.જી. પટેલ કન્યા શાળા, સે. ૨૩**

સે. ૨૩ના કડી કેમ્પસની આર.જી. પટેલ કન્યા શાળામાં ભારત વિકાસ પરિષદ દ્વારા ગુરૂવંદન છાત્ર અભિનંદન કાર્યક્રમ સાથે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદના પ્રમુખ ચંદ્રકાન્ત રાવલ, મંત્રી દિપકભાઈ રાવલ, ખજાનચી નિતીન પટેલ, મહિલા સંયોજિકા જીજ્ઞાસા રાવલ તથા સભ્ય કશ્યપ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીનીઓના સન્માન ઉપરાંત શિક્ષકોનુ સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે શાળાના એનસીસી, એનએસએસ, સ્કાઉટ ગાઈડના સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ.

**● જીયોલોજી એન્ડ માઈનીંગ પેટ્રોગ્રાફી, રાયસણ**

રાયસણ ખાતે ગુજરાત સરકારની જીયોલોજી એન્ડ માઈનીંગ પેટ્રોગ્રાફી એન્ડ મિરનલ કેમિસ્ટ્રી લેબોરેટરી કાર્યાલયમાંથી નિવૃત્ત થઈ રહેલા સિનિયર લેબ આસિસ્ટન્ટ જી.કે. પ્રધનાણીના સન્માનમાં

● અનુસંધાન પાન-૭ પર



# ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષામાં જિલ્લાનુ ૬.૩૯ ટકા પરિણામ

ગાંધીનગર તા ૧

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત જુલાઇ મહીનામાં લેવાયેલી એચ એસ સી વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ છે. રાજયમાંથી ૩૪૫૪૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૧૨૦૦ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા છે. રાજયનુ પરિણામ માત્ર ૩.૪૭ ટકા આવ્યુ છે. જયારે પુરક પરીક્ષામાં ગેરરીતીની ૧૩ કેસ નોંધાયા છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૯૩૯ વિદ્યાર્થીઓ પૈકી માત્ર ૬૦ પાસ થયા છે. જિલ્લાનુ પરિણામ ૬.૩૯ ટકા આવ્યુ છે.

માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત જુલાઇ મહીનામાં લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષાનુ આજે બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ જેમાં સમગ્ર રાજયમાંથી નોંધાયેલા ૫૫૬૩૪ પૈકી ૩૪૫૪૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી માત્ર ૧૨૦૦ વિદ્યાર્થીઓ જ

**જિલ્લામાંથી ૯૩૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : માત્ર ૬૦ પાસ થયા**

ઉત્તિર્ણ થયા છે. રાજયનુ પરીણામ ૩.૪૭ ટકા આવ્યુ છે.

જયારે ગાંધીનગર જિલ્લામાંથી પણ નોંધાયેલા ૧૪૬૦ વિદ્યાર્થીઓ પૈકી ૯૩૯એ પરીક્ષા આપી હતી. જયારે આ પૈકી ૬૦ વિદ્યાર્થીઓ થયા હતા. જિલ્લામાંથી ૮૭૯ વિદ્યાર્થીઓ નાપાસ જાહેર કરાયા છે. ગાંધીનગર જિલ્લાનુ પરિણામ માત્ર ૬.૩૯ ટકા આવ્યુ છે. પુરક પરીક્ષામાં વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીઓનુ પરિણામ દોઢ ટકા વધુ આવ્યુ છે.



પગાર પંચના વધામણા - રાજ્યના કર્મચારીઓ માટે ૧લી ઓગસ્ટથી સાતમા પગાર પંચના અમલની જાહેરાતને કર્મચારી મંડળોએ ફટાકડા ફોડી વધાવી હતી... સોમવારે બપોરે જીવરાજ મહેતા ભવન ખાતે કર્મચારી મંડળોના આગેવાનોએ સાતમાં પગાર પંચની ખુશીમાં આતશબાજી કરી હતી.

# ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમ બીજા અને ચોથા મંગળવારે જ યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં હવે ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમ માત્ર બીજા અને ચોથા મંગળવારે જ યોજવાનો નિર્ણય જિલ્લાતંત્રએ લીધો છે.

ગાંધીનગર જિલ્લામાં ૪૮ જેટલા ગામોમાં ગ્રામ સંવાદ સેતુ દરમ્યાન રજુ થયેલા ૪૦૦થી વધુ પ્રશ્નોના ઉકેલ માટે તંત્રના અધિકારીઓ સમય ફાળવી અને તેમાં થયેલી કામગીરીનું ફોલોઅપ લઈ શકે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

દર મંગળવારે બધા અધિકારીઓ કચેરીમાં ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમને લઈ મોડા પડતા હતા અને તેથી કચેરીની મુલાકાતે આવતા લોકોને ધક્કો પડતો હતો. આ મુદ્દે અગાઉ ફરિયાદ અને સંકલન સમિતિમાં પણ ચર્ચાઓ થઈ હતી જે ઉલ્લેખનીય છે.

ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમને મળેલા ભારે પ્રતિસાદને કારણે ૪૦૦થી વધુ પ્રશ્નો તંત્રને મળ્યા હતા. આ બધા પ્રશ્નોનો સકારાત્મક ઉકેલ આવે તે દિશામાં ખુલ્લા મનથી વિચારણા કરવા જિલ્લાના મહેસુલી અધિકારીઓને ગત સપ્તાહે મળેલ બેઠકમાં સંકેત પણ આપ્યા હતા.

હવે કરાયેલા નિર્ણયને પગલે બીજા અને ચોથા મંગળવારે ૧૦-૧૦ ગામોમાં ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે.

# મેલેરિયાની સારવાર માટે બે વર્ષનું બાળક સિવિલમાં દાખલ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં સેન્ટ્રલ વિસ્ટાના ખૂણા પર રહેતા શ્રમિક પરિવારના બે વર્ષના દિકરા નામે પ્રવિણને મેલેરિયા પોઝીટીવ આવતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેની તબિયત સારી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ બાળકને વોઝીટીવ થતુ હોવાથી તેને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો.

આ પરિવાર હજુ ગત સપ્તાહે જ ગાંધીનગર ખાતે મધ્યપ્રદેશથી આવેલ છે. આ બાળકને મેલેરિયા પોઝીટીવ જણાતાં તંત્રની ટીમે તેના ઝુંપડાને શોધી અને ત્યાં એન્ટી લારવેલની કામગીરી કરી હતી.

દરમ્યાન આજે શહેરી મેલેરિયા તંત્રની ટીમે સે. ૩૦માં ઓટોમોબાઈલ્સના ચીપટાઈપ શોપીંગના એક ગેરેજ પર ત્રાટકી અને ત્યાં દુકાન નજીક પડેલ ભંગાર દૂર કરાવ્યો હતો. ત્યાંથી ખુબ મોટી સંખ્યામાં મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.

ટીમે સે. ૨૮ના બગીચામાંપણ ત્રાટકી અને બોટીંગના સ્થળેથી મચ્છરોના બ્રીડીંગ પકડ્યા હતા તેમજ નોનયુઝ બોટને દૂર કરાવી હતી. ટીમે નોનયુઝ બોટ એક-બે ઊંધી મુકી રાખવાની પણ સૂચના આપી હતી.

ટીમે શહેરના વિવિધ સેકટરોના ત્રણ હજારથી વધુ મકાનોની તપાસ કરી અને પાણી સંગ્રહના દસ હજાર જેટલા પાત્રોની ચકાસણી કરી હતી. ટીમે ૨૦૦થી વધુ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.

ગાંધીનગર શહેરમાંથી ખુબ મોટી સંખ્યામાં મચ્છરોના બ્રિડીંગ અને પોરા મળી રહ્યા છે તેનાથી તંત્ર ચિંતાતુર બન્યું છે. હજુ ચોમાસુ જ્યારે જામશે ત્યારે આ સ્થિતિ વધુ ગંભીર બનશે તેમ મનાઈ રહ્યુ છે.




**બેસણું**

મારા ધર્મપત્ની **શ્રીમતી મીરાબેન દેવીપ્રસાદ માંકડ** તા. ૩૧/૭/૨૦૧૬ના રોજ દેવલોક પામ્યા છે, તેમનું **ઉઠમણું તા. ૨/૮/૨૦૧૬ના રોજ સાંજે ૫.૦૦ થી ૬.૩૦ કલાકે** રાખેલ છે.

સ્થળ : વરિયા પ્રજાપતિ સમાજની વાડી, વસંતકુંવરબા સ્કૂલની સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર

લિ.
દેવીપ્રસાદ કનૈયાલાલ માંકડ
ડો. ઉદય દેવીપ્રસાદ માંકડ
ડો. અર્ચના ઉદય માંકડ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com